# માલપુર તાલુકાના જોગીવંટા કંપા ગામના ૮૦ વર્ષના વૃદ્ધને ભમરા કરડતાં સારવાર પહેલા મોત

માલપુર, તા. ૬

માલપુર તાલુકાના છેવાડે અને મેઘરજ તાલુકાની સીમોડ એવા જોગીવંટા ગામે ૮૦ વર્ષીય વૃદ્ધને શનિવાર સવારે ખેતરમાંથી ભમરાનું ઝુંડ એક સાથે ડંખ મારતા વૃદ્ધને સરકારી હોસ્પિટલ મેઘરજ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા જ્યાં સારવાર પહેલા તેમનું મોત નીપજ્યું હતું.



માલપુર તાલુકાના જોગીવંટા ગામના રહીશ રામજીભાઈ ભાણજીભાઈ પટેલ ઉંમર ૮૦ વર્ષ નિત્ય ક્રમ મુજબ શનિવાર સવારે નવ વાગ્યાની આસપાસ તેમના ખેતરે ખેતી જોવા માટે ગયા હતા અને થોડીવાર પછી પરત ફરતા રસ્તામાં જ લીમડાના ઝાડ ઉપર ભમરા હોય બે બાજ પક્ષીઓએ આ ભમરાને ઉડાડતા ભમરા ઉડ્યા હતા તે દરમ્યાન ખેતરમાંથી રામજીભાઈ ઘર તરફ આવી રહ્યા હતા અને રામજીભાઈ ઉપર ભમરાઓ ચોટી ડંખ મારતા રામજીભાઈએ બૂમાબૂમ કરતા સ્થાનિક લોકો એકત્ર થઈ જય રામજીભાઈને તાત્કાલિક ૧૦૮ દ્વારા મેઘરજની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા પરંતુ સારવાર પહેલા રામજીભાઈનું મોત થયુ હતુ. આ ઘટનાની જાણ માલપુર પોલીસને થતા માલપુર પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી મેઘરજ સિવિલ હોસ્પિટલમાં મૃતકનું પી.એમ. કરાવ્યું હતું.



**ધાનેરા તાલુકા યુથ કોંગ્રેશ પ્રમુખ હરચંદભાઈ રબારી વિજય બન્યા**

ધાનેરા માં તારીખ ૨૧ ૧૦ ૨૦૧૬ ના રોજ તાલુકા યુથ કોંગ્રેશ માટે મતદાન કરવામાં આવ્યું હતું જેની મતગણતરી તારીખ ૨૫ ૧૦ ૨૦૧૬ ના રોજ રાખવામાં આવી હતી જેમાં ધાનેરા તાલુકા ના જોરાપુરા ગામના હરચંદભાઈ ચેનાભાઈ રબારી ૫૩ માટે ભવ્ય વિજયી બનતા વિજયોત્સવ માનવવા આવ્યો હતો અને લોકોએ હરચંદભાઈ ને ફુલહાર પહેરાવી સ્વાગત પણ કર્યું હતું તો બીજી તરફ હરચનભાઈ લોકોનો તેમજ પાર્ટી નો આભાર પણ માન્યો હતો

# પાલનપુરમાં કોંગ્રેસનું સ્નેહમિલન સંમેલન યોજાયું

પાલનપુર, તા.૬

દીવાળી પુરી થતા ની સાથે જ હવે ઠેરઠેર સ્નેહ મીલનો યોજાઈ રહયા છે.ત્યારે આજ રોજ બનાસકાઠા કોગે?સ દવારા પાલનપુર ખાતે સ્નેહમીલન યોજાયુ હતુ જેમા અર્જુન મોઢવાડીયા તેમજ જગદીશ ઠાકોર એ હાજરી આપી ખેડુતો ના પ્રશ્નો ને લઈ સરકાર પર આકરા પ્રહાર કરયા હતા.

સ્નેહ મીલન કાર્યક્રમમાં અર્જુન મોઢવાડીયાએ કાયૅકરોને શુભેસ્છાની સાથે ૨૦૧૭ ની ચુંટણી કોંગ્રેસની સરકાર બને તેવા પ્રયાસો કરવાનુ જણાવ્યુ હતુ. તેમજ ૨૦ તારીખે આદીવાસી અધીકાર યાત્રા મા રાહુલ ગાંધી અંબાજી આવવા ના હોઈ મોટી સંખ્યા મા કાયૅકરો લોકો ને હાજર રહેવા અપીલ કરી હતી..જયારે જગદીશ ઠાકોરે ગંભીર આક્ષેપ કરતા કહયુ હતુ કે લડાઈ ભાજપ સામે નહી આર એસ એસ સામે લડવા ની છે.આર એસ એસ એ નકસલવાદ પેદા કર્યો છે. આતંકવાદ પેદા કરનાર આર એસ એસ છે તેમની સાથે લડાઈ લડવા ની છે કોગેસ ના આ સ્નેહ મીલન મા જીલ્લા ના કાયૅકરો તેમજ લોકો મોટી સંખ્યા મા હાજર રહયા હતા.

# અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી : ઘરફોડીયા ગેંગનો આતંક

## મોડાસામાં લાભ પાંચમની રાત્રીએ ૨૨ બંધ મકાનોમાં ચોરી કરી તસ્કરોએ મુર્હત સાચવ્યુ





મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી શહેરી વિસ્તારોમાં ચોરીઓના બનાવોમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. તસ્કરો દ્વારા થઈ રહેલ ચોરીઓ જેવા દૂષણને પણ અટકાવવામાં જિલ્લા પોલીસ તંત્ર લાચાર બની ગયુ હોય તેમ ઘૂંટણીયે પડી જતા પ્રજાજનો સહિત વેપારીઓમાં પોલીસ પ્રત્યે ભારોભાર ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે. મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ચોરીનો ઉપદ્રવ વધી જતા અવારનવાર ચોરીઓથી લોકો ભયભીત બન્યા છે. તદ્દઉપરાંત પોલીસતંત્ર દ્વારા નાની-મોટી ચોરીઓની ફરિયાદ કરવા જતા પ્રજાજનોની ફરિયાદ લેવામાં અખાડા કરી રહેલ છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર આવેલી ઉત્સવવેલી રેસીડન્સીમાં ૧૮ અને રાધે ફ્લેટમાં ૪ મળી ૨૨ મકાનોના તાળા તોડી ઘરફોડ ગેંગ લાભ પાંચમની રાત્રીએ મુર્હત સાચવતા લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવી રફુચક્કર થઈ જતા શહેરમાં સનસનાટી સાથે રહીશોમાં ભય અને અસલામતીની લાગણી પ્રસરી છે.

મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર આવેલ ઉત્સવવેલી રેસીડન્સીમાં એક જ રાતમાં ૧૮ અને રાધે ફ્લેટના ૪ મકાનોના તાળા તોડી ઘરફોડીયા ગેંગે જિલ્લા અને મોડાસા ટાઉન પોલીસને ચેલેન્જ કરી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મોડાસાના શ્યામનગરમાં શુક્રવારની રાત્રીએ એક વેપારીના ઘરને નીશાન બનાવી ૨૫૦૦૦ રૂપિયાની લૂંટ ચલાવી ઘર આગળ પાર્ક કરેલી બાઈક ચોરી ચોર-લૂંટારૂ ગેંગ ફરાર થઈ ગઈ હોવા છતાં મોડાસા પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ સઘન ન બનાવતા શનિવારની રાત્રીએ મોડાસા શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત એક જ રાતમાં ૨૨ ઘરના તાળા તૂટતા અને લાખ્ખોની મરામત લૂંટાતા નગરજનોમાં ભયની લાગણી ફેલાઈ છે.

મોડાસા શહેરમાં દિવાળી દિવાળી નવા વર્ષના દિવસોમાં યાત્રા પ્રવાસે નિકળ્યા હશે ત્યારે કલ્પના પણ નહી કરી હોય કે જે રીતે ત્યૌહારમાં શહેરીજનો દિવાળીનું મીની વેકેશન મનાવવા અને દિવાળી પર્વમાં માદરે વતન મનાવવા જતા હોય છે. ઉત્સવવેલી અને રાધે ફ્લેટમાં રહેતા સ્થાનિકો પોતાના ઘરોને તાળા મારી જુદા જુદા ઠેકાણે રહીશો યાત્રાધામોમાં જઈને ભગવાનના દર્શન કરી નવા વર્ષનો શુભારંભ કરી રહ્યા હશે ત્યારે તસ્કરો આ બંધ મકાનોને નિશાન બનાવી તેમના તસ્કરીના શ્રી ગણેશ કરશે.

### મોડાસામાં બીલ્ડર્સ દ્વારા ફ્લેટ કે રહેણાંક બંગ્લોઝમાં સીક્યુરીટીના નામે મીંડુ

મોડાસા શહેરના જીલ્લાનું વડુ મથક જાહેર કરતા બીલ્ડર્સ લોબી દ્વારા લોભામણી અને લલચાવતી જાહેરાતો સાથે સઘન સીક્યુરીટી આપવાની હૈયાધારણ આપી ફ્લેટ અને રહેણાંક બંગ્લોઝ અને સોસાયટીઓનું નિર્માણ કરી કરોડો રૂપિયા મકાન માલિક ધારકો પાસેથી ખંખેરી લીધા પછી મકાન માલિકોને સીક્યુરીટી કે અન્ય સઘવડોના નામે ઉલ્લુ બનાવતા હોય તેવો અહેસાસ મકાન માલિકો અનુભવી રહ્યા છે. કરોડો રૂપિયાની સ્કીમ હોવા છતાં સીક્યુરીટી ગાર્ડના અભાવે મોડાસા શહેરના બંગ્લોઝ ફ્લેટ અને રહેણાંક સોસાયટીમાં વારંવાર તસ્કરીની ઘટનાઓ બનતી હોય છે ત્યારે મકાન ધારક દ્વારા સીક્યુરીટીની સઘન જાણકારી મેળવ્યા બાદ જ ખરીદી કરવી જોઈએ તેવુ જાગૃત નાગરીકોએ જણાવ્યું હતું.



**કાંકરેજના આકોલી ગામે સંત મેળાવડો યોજાયો**

કાંકરેજ તાલુકાના આકોલી ગામે વાઘેલા બળવંતસિંહ ગણેશજીના ઘરે લાભ પાંચમના પાવન પર્વ નિમિત્તે ગુરૂશ્રી દોલતરામજી મહારાજ (નોરતા) તથા વાલારામ મહારાજ તેમજ ડોડાણા નિવાસી સંત શિરોમણી ચેતનગીરી બાપુની સાનિધ્યમાં ભજન-સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આકોલી સરપંચ વાઘેલા વિજુભા રણજિતસિંહ દ્વારા આવેલ ભક્તો સંતોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને સુરેન્દ્રસિંહ વાઘેલાએ સંતોને કુમ કુમ તિલક કરી આરતી ઉતારી હતી. આમ આકોલી ગામે ભવ્ય સંત મેળાવડો યોજાયો હતો. તેમાં સંતો દ્વારા કુરિવાજ, વ્યસનમુક્તિ તેમજ અંધશ્રદ્ધા વિષે ભાવિક ભક્તોને સત્સંગ પીરસીને તરબોળ કરી દીધા હતા.

# પ્રાંતિજમાં રાવલ સમાજનાં ભાઈઓનો સ્નેહમિલન સમારંભ યોજાયો





પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા રાવલ સમાજના ભાઈઓનો સ્નેહ મિલન સમારંભ યોજાયો હતો જેમાં ભગવાન સત્યનારાયણની કથા તથા પ્રોજેકટર ધાર્મિક જ્ઞાન પુરુ પાડવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ ખાતે રહેતાં રાવલ સમાજ ના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને એક બીજાને નવા વર્ષ ની શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતાં રાવલ સમાજ ના ભાઈઓનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો જેમાં શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ભગવાન સત્યનારાયણની કથા નું આયોજકો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમા નવા વર્ષ માં ભગવાન સત્યનારાયણ ની કથા સાંભળીને પ્રસાદ લઈને રાવલ સમાજનાં ભાઇ- બહેનોએ ધન્યતા અનુભવી હતી જયારે આયોજકો દ્વારા આ પ્રસંગે પ્રોજેકટર દ્વારા ધાર્મિક જ્ઞાન પુરું પાડવામાં આવ્યું હતું અને સંસારમાં ચાલતાં સાસુ- વહુ, મા-બાપ સહિતનાં સંસારી કિસ્સાઓની સ્ક્રીન ઉપર ઝલક બતાવવામાં આવી હતી જયારે વડીલો દ્વારા ધાર્મિક અને વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસવામાં આવ્યું હતું જયારે પ્રાંતિજ ખાતે રહેતાં રાવલ સમાજનાં ભાઈઓ- બહેનો અને યુવાનો બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને એક બીજાને નવા વર્ષ ની શુભેચ્છાઓ પાઠવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાવલ સમાજ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં ડેંગ્યુનો કહેર યથાવત

## બે દિવસથી મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ : આરોગ્ય વિભાગ જરૂરી પાગલ ભરે તેવી માંગ

મોડાસા તા.૬

અરવલ્લી જિલ્લામાં દિવાળીના દિવસે જ ભિલોડા ના મોટા કંથારીયા ગામે ડેન્ગ્યુથી એક કિશોરના મોત ઉપરાંત વધુ ત્રણ પોઝિટિવ ડેન્ગ્યુના કેસો મળી આવ્યા પછી નવા વર્ષમાં પણ ડેંગ્યુનો કહેર યથાવર રહ્યો છે અને ધનસુરાના શિકા ગામના યુવાનને પોઝિટિવ ડેન્ગ્યુ હોવાનું બહાર આવતા જિલ્લા આરોગ્ય તંત્ર શિકા ગામમાં પણ જરૂરી ફોગિંગની કામગીરી હાથ ધરે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.



અત્રે ઉલ્લેખનીય છે જે આ વર્ષે છેલ્લા ૬ માસથી અવારનવાર ડેન્ગ્યુ કેસ મળતા રહ્યા છે અને સઘન સારવારથી રીકવર પણ થયા છે પણ ચિંતાની વાત એ છે કે દિવાળીના દિવસે શામળાજી પાસે મોટા કંથારીયા ગામે કિશોરના મોટ ઉપરાંત ત્રણ નવા ડેન્ગ્યુ કેસ મળતા આરોગ્ય વિભાગે એની કામગીરી જરી ફોગિંગ વગેરે પણ ડેન્ગ્યુ ગ્રસ્ત વિસ્તારોમાં કર્યું છે આમ છતાં ડેંગ્યુની કહેર એક યા બીજા વિસ્તારોમાં માથું ઊંચકતો જ રહ્યો છે.

ગઈકાલે ધનસુરા તાલુકાના શિકા ગામનો ૨૫ વર્ષીય યુવાન તાવમાં સપડાયો તેના લોહીના પરીક્ષણ પછી તેને પણ પોઝિટિવ ડેન્ગ્યુ હોવાનું ખુલતા આરોગ્ય તંત્રની કામગીરી છતાં વધતા જતા ડેન્ગ્યુના કેસોથી લોકોમાં ભયની લાગણી છે ત્યારે ડેન્ગ્યુ ગ્રસ્ત યુવાનના ગામમાં અને પરિવારમાં પણ આરોગ્ય વિભાગ જરૂરી કામગીરી હાથ ધરે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

# સમૌમાં વાડાની ફેન્સિંગ વાડ તોડી એક ઈસમ પર હુમલો

ડીસા, તા.૬

ડીસા તાલુકાના સમૌ ગામે પાંચ ઈસમોએ ગેરકાયદેસર રીતે બાજુના વાડામાં ઘુસી ફેન્સિંગ વાડ અને થાંભલાઓ તોડી એક ઈસમને માર મારતા તેમની વિરૂધ્ધ ડીસા રૂરલ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના સમૌ મોટા ગામના વતની અને હાલ અમદાવાદ ચાંદખેડા ખાતે રહેતા અંબાલાલ જેઠાભાઈ ટાભાણીનો વાડો સમૌ ગામે આવેલ છે. તા. ૨૯/૧૦/૨૦૧૬ના રોજ તેમના કૌટુંબિક ભાઈ ભત્રીજા એવા મોહનભાઈ કશળાભાઈ ટાભાણી, વસ્તાભાઈ કશળાભાઈ ટાભાણી, જગદીશ વસ્તાભાઈ ટાભાણી, દિનેશ વસ્તાભાઈ ટાભાણી અને જીતેન્દ્ર ઉર્ફે પિન્ટુ વસ્તાભાઈ ટાભાણી (તમામ રહે. સમૌ મોટા તા. ડીસા)એ અંબાલાલ ટાભાણીના વાડાની ફેન્સિગ વાડ અનો સિમેન્ટના થાંભલા તોડી તેમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તોફાન મચાવ્યું હતું. આ બાબતે અંબાલાલ ટાભાણીના ભત્રીજાએ ઠપકો આપતા તેને પણ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ડીસા રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુવર્ણ જ્ઞાતિ દ્વારા બાયડ તાલુકાના ચોઈલા ગામે દલિતોનો બહિષ્કાર

## દલિતો દ્વારા ધર્મ પરીવર્તન તેમજ હિજરત કરવાની ચીમકી ઉચ્ચારી

બાયડ, તા.૬

બાયડ તાલુકાના ચોઈલા ગામના દલિતોએ ઉનાની ઘટના બાદ મરેલા ઢોર ઉપાડવાનું બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. જેને પગલે ગામના જ કેટલાક લોકો દ્વારા દલિતોને મજૂરીકામે નહીં બોલાવવા તેમજ સીમમાં નહીં જવા દેવાનો ફતવો બહાર પાડવામાં આવતાં હોબાળો મચી ગયો છે. આ મામલે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરાતાં વહીવટી તંત્ર પણ દોડતું થઈ ગયું છે.



આ અંગે ચોઈલા ગામના દલિતો દ્વારા બાયડ મામલતદારને લેખિત ફરિયાદ કરાઈ છે. જેમાં જણાવ્યા મુજબ, ચોઈલા ગામમાં દલિતોની એકાદ હજારની વસતી છે. ઉનાની ઘટના બાદ ગામમાં મરેલા ઢોર ઉપાડવાનું તથા અન્ય કામ બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. આથી ગામના કેટલાક લોકો દ્વારા અમારી રોજીરોટી માત્ર પશુપાલન ઉપર હોઈ તે બંધ કરવા અંગે ફતવો બહાર પાડવામાં આવ્યો છે. ગામના કેટલાક લોકોએ એકઠા થઈ સીમમાં જતાં રોકી ખેતરોમાં કામ માટે પણ નહી બોલાવવાનો નિર્ણય કરાયો છે.

જેથી ગામના દલિતોને રોજીરોટી માટે હિજરત કરવાનો વારો ઉભો થયો છે. બીજીતરફ આ પ્રકરણને લઈ ગામમાં વાતાવરણ તંગ બની ગયું છે. આ મામલે દલિતો દ્વારા બાયડ પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીને લેખિતમાં ફરિયાદ કરતાં વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ મામલાનો સત્વરે નીવેડો નહીં આવે તો ધર્મ પરિવર્તન કરવાની તેમજ હિજરત કરવાની અને ચોઈલામાં પણ ઉનાવાળી થવાની ભીતિ વ્યક્ત કરાઈ છે.

# તલોદ ખાતે મગફળી ખરીદ કેન્દ્ર ચાલુ કરવા તાલુકા કોંગ્રેસની માંગ

હિંમતનગર, તા. ૬

તલોદ-પ્રાંતિજ તાલુકામાં ચાલુ વર્ષે ખુબ જ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કરવામાં આવેલ અને મગફળીનું મોટા પાયે ઉત્પાદન થયેલ છે. ચાલુ વર્ષે મગફળીના ૨૦ કિલોના બજાર ભાવ ખૂબ જ નીચા જતા રહેલા છે અને મગફળી ૨૦ કિલોના ૬૦૦થી ૬૫૦ની આસપાસ વેચાય છે જેના કારણે ખેડૂતોને ખૂબ જ મોટુ નુકશાન થઈ રહ્યુ છે અને ખેડૂતો પાયમાલ થઈ રહેલ છે.

સરકાર દ્વારા ચાલુ વર્ષે ટેકાના ભાવથી મગફળી ખરીદ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરેલ છે અને તે મુજબ લાભપાંચમથી મગફળી ખરીદ કરવાનું નક્કી કરવામાં આવેલ જેમાં સાબરકાંઠા જિલ્લામાં અમોને મળેલ માહિતી મુજબ હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી ખાતે આવા મગફળીને ટેકાના ભાવથી ખરીદ કરતા કેન્દ્રો ચાલુ કરવામાં આવનાર છે પરંતુ તલોદ અને પ્રાંતિજ તાલુકામાં ૫૦ ટકાથી પણ વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર થયેલ હોવા છતાં અને મગફળીનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયેલ હોવા છતાં આ તાલુકામાં ખરીદ કેન્દ્ર ચાલુ કરવામાં આવેલ નથી. જેને કારણે ખેડૂતોમાં ભારે રોષની લાગણી ઉભી થયેલ છે. જેથી તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિએ કલેક્ટરને આવેદનપત્રથી રજૂઆત કરી છે. તાત્કાલિક તલોદ ખાતે ટેકાના ભાવથી મગફળી ખરીદ કેન્દ્ર ચાલુ કરવામાં આવે. જો આ અંગે સરકાર દ્વારા તાત્કાલિક અસરથી દિન ત્રણમાં નિર્ણય નહી લેવામાં આવે તો તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.



અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાઓની વિવિધ સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ અરવલ્લી જિલ્લા સહકારી સંઘ આજે લાભ પાંચમથી માલપુર રોડ બાલાજી કોમ્પ્લેક્સથી ખસેડીને મોડાસા ચાર રસ્તા પ્રથમ ગેસ્ટ હાઉસના ઉપરના મજલે અને બિલ્ડીંગના બીજા માળે આજરોજ સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી.પટેલ,ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર.ડિરેક્ટર શામળભાઈ પટેલ (જીલ્લા ભાજપ મહામંત્રી)અને અન્ય ડિરેક્ટર્સ હસમુખભાઈ પટેલ(માલપુર),નાગરિક બેન્કના ચેરમેન અને આ સંઘના ડિરેક્ટર વિનોદભાઈ કે.શાહ વગેરેની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી નવા સ્થળે શુભારંભ કરવામાં આવ્યો હતો.

# તાના-રીરી મહોત્સવ સંદર્ભે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને તાના-રીરી સમાધિ સ્થળ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાના-રીરી તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. જિલ્લાના વિવિધ અધિકારીઓને તાના-રીરી મહોત્સવ સંદર્ભે વિવિધ કામગીરીઓની ફાળવણી કરવામાં આવી છે. અધિકારીઓની ટીમ સાથે સંકલનમાં રહીને કામ કરવાની સુચના જિલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવી હતી.

તાના-રીરી મહોત્સવ આંતરરાષ્ટ્રીય મહોત્સવ છે. આ મહોત્સવ ૭ નવેમ્બર અને ૧૦ નવેમ્બરના રોજ યોજાનાર છે. તાના-રીરી મહોત્સવમાં મુખ્યમંત્રી સહિત નાયબ મુખ્યમંત્રી તેમજ ભારત સરકારના મંત્રી ડૉ. મહેશ શર્મા ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત મહોત્સવમાં આંતરરાષ્ટ્રીય કલાકારો પોતાનું પર્ફોર્મન્સ રજુ કરનાર છે જેથી આ મહોત્સવ સંદર્ભે તમામ તૈયારીઓનું માઈક્રો પ્લાનીંગ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર રમેશ મેરજા, નાયબ કલેક્ટર અરૂણ મહેશબાબુ, જિલ્લાના અધિકારીઓ અને મહોત્સવ સંદર્ભે કામગીરી સોંપેલ તમામ લાયઝન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ઉમેદપુરમાં જલારામ જયંતિ ઉજવાશે

મોડાસા, તા. ૬

ઉમેદપુર (દધાલીયા) ગામના વડીલોના જણાવ્યાનુસાર આ ગામમાં તા. ૭-૧૧-૨૦૧૬ના રોજ, જલારામ બાપાની જયંતીનું ચોથીવાર આયોજન કરવામાં આવ્યું છે. બપોરે બાર વાગે શરૂ થનારી શોભાયાત્રા આખાયે ગામમાં ફરી સાંજે પાંચ વાગ્યાના અરસામાં ગામના ચોકમાં પરત આવશે. સાંજે ગામના તમામ લોકો કોઈપણ જાતના જાતી-જ્ઞાતિ કે ઉંમરના ભેદભાવ વગર, સામુહિક રીતે મહાપ્રસાદ ગ્રહણ કરતા આવ્યા છે. આજુબાજુના ગામોમાંથી તમામ શ્રદ્ધાળુઓ પણ મહાપ્રસાદ લાવે છે.

આ ગામની ખાસિયત એ રહી છે કે કોઈપણ ઘરે કોઈપણ પ્રસંગ હોય ત્યારે ગામ આખુયે એ પ્રસંગની ઉજવણીમાં લાગી જાય છે.

તા. ૭-૧૧-૨૦૧૬ના રોજ આ ઉજવણીમાં ભાગ લેવા માટે સર્વેને લાગણીપૂર્વક મૌખિક આમંત્રણ આપવામાં આવે છે.